જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૩૮૮ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૫૬ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૭૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૭૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૭૭/૨૦૨૫**

નારોલઃ હિમાંશુ બંસીલાલ કનોજીયા (ઉ.વ.૩૬)(રહે.ઠાકોરવાસ, પટેલ વાસની બાજુમાં, અંબિકા કંપની સામે, શાહવાડી નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૫ સવારના ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૯૮,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસિયા ચલાવે છે.

બોડકદેવઃ ભૈરૂસિહ ભવરસિહ દેવડા (ઉ.વ.૪૮)(રહે.નીતા એપાર્ટમેન્ટ, મોટો ઠાકોર વાસ, મેમનગર ગામ) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૫ રાતના ૧૧/૪૫ થી તા.૧૬/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન બોડકદેવ, ગુરુદ્વારા રોડ, એપોલો હોસ્પીટલ પાસે આવેલ પોતાની મિર્ચ મસાલા રેસ્ટોરન્ટના કિચનની અંદર પાછળના ભાગે આવેલ લોખંડની જાળી તોડી, અજાણી વ્યક્તિ રેસ્ટોરન્ટમાં પ્રવેશ કરી, પિત્તળની થાળી નંગ–૪૦ અને પિત્તળના તપેલા નંગ–૨ કુલ કિંમત રૂપિયા ૪૨,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૭૮/૨૦૨૫**

અમરાઇવાડીઃ દીપકસિંહ શંકરસિંહ તોમર (ઉ.વ.૪૮)(રહે.નાગરવેલ હનુમાન ટ્રસ્ટની ચાલી, રખિયાલ) તા.૦૩/૧૨/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાની ચાલીના નાકા પાસે તાપણુ કરતા હતા ત્યારે આગનો ભડકો થતા દીપકસિંહ શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને મણીનગર એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અંકિતભાઇ હસમુખભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૭૭૯/૨૦૨૫**

કાગડાપીઠઃ અનિલ મથુરજી ઠાકોર (ઉ.વ.૨૯)(રહે.ચોથો માળ બ્લોક નંબર– ૬, જયેન્દ્ર પંડીતનગર કાંકરીયા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી